# આર્ષ વ્યાખ્યાનમાળામાં ૧૩મીએ 'પર્યાવરણની રક્ષા - 'આપણી સુરક્ષા' વિષય પ્રવચન

ગાંધીનગર,તા. ૮

વૈશ્વિક સ્તરે પર્યાવરણ જાગૃતિની જે જેહાદ જાગી છે. તે બતાવે છે કે તંદુરસ્ત પર્યાવરણ માનવ સહિત સમગ્ર સજીવસૃષ્ટિ માટે કેટલું મોંઘેરું અને જતન યોગ્ય છે.

પર્યાવરણ એટલે આપણી આસપાસની જમીન, હવા, પાણી, પ્રાણીઓ, વનસ્પતિ, વન્યસૃષ્ટિ, જૈવિક કચરો વગેરે. 'પર્યાવરણ' શબ્દ આપણે વાંચીએ, સાંભળીએ છીએ અને તેનો સામાન્ય અર્થ પણ જાણીએ છીએ, પરંતુ તેનો પૂરેપૂરો અર્થ સમજવો તેટલો જ જરૂરી છે.

આપણે સૌ પર્યાવરણના સંતાનો છીએ. આપણી પૃથ્વી જ એક માત્ર એવો ભાગ્યશાળી ગ્રહ છે કે જેને પ્રાકૃતિક પર્યાવરણની કૃદરતી ભેટ પ્રાપ્ત થઈ છે. જીવસૃષ્ટિ અને પર્યાવરણ એક સિક્કાની બે બાજુ સમાન છે. પર્યાવરણ ન હોત તો આપણું અસ્તિત્વ જ ન હોત, તેમ કહેવું વધારે યોગ્ય છે, કારણ કે પર્યાવરણથી જ આપણું પૃથ્વીવાસીઓનું માનવજીવન ધબકતું રહે છે. માનવજીવનના અસ્તિત્વ, વિકાસ તેમજ પ્રગતિનું પ્રેરકબળ આ પર્યાવરણ જ છે. તંદુરસ્ત પર્યાવરણ એ માનવજીવનની અનિવાર્ય આવશ્યકતા છે. પર્યાવરણ એ કોઈ સ્થળ કે પ્રદેશને સ્પર્શતી બાબત રહી નથી. પર્યાવરણ એ સમગ્ર માનવજાતને સ્પર્શતી વૈશ્વિક બાબત છે.

વિજ્ઞાન અને ટેક્નોલોજીની શોધખોળના પરિણામે માનવસમાજની ભૌતિક જરૂરિયાતો, કુદરત ઉપર વિજય મેળવવાની મથામણ, કુદરતી સાધનોનો અમર્યાદિત ઉપયોગ, વસ્તીવધારો, ગરીબી અને ઔદ્યોગીકરણની પ્રક્રિયા જેવાં અનેક કારણોસર પર્યાવરણની સમતુલા જોખમાઈ છે એ હકીકત છે. વધતા જતાં વિવિધ પ્રદૂષણોને લીધે જે જોખમો ઊભા થયા તેના પરિણામે પર્યાવરણની સુરક્ષા અને સંવર્ધન માટે કાળજી લેવાની બાબતનો કોઈ ઈનકાર થઈ શકે તેમ નથી. અત્યારે 'કોવિડ-૧૯ (કોરોના વાયરસ)ન્ન કરતા 'પર્યાવરણ પ્રદૂષણ' નો 'હાઉ' ઘણો મોટો છે, પણ તેના પ્રત્યે દુર્લક્ષ સેવાઈ રહ્યું છે. અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, હીમવર્ષા, વાવાઝોડા, ગ્લોબલ વોર્મિંગ, ઋતુઓની અનિયમિતતા, શ્વાસોચ્છાશ્વાસમાં પડતી તકલીફો આ બધી પર્યાવરણ પ્રદૂષણની જગતને ભેટ છે. એકલી દવાથી, સારા ખોરાકથી આપણે સ્વસ્થ કે સાજા ન રહી શકીએ. આપણા પર પ્રકૃતિના તમામ તત્વોનો પ્રેમ અને આશિષ હોય તો જ તંદુરસ્ત અને લાબું જીવન જીવી શકાય છે, જે દશ્ય છે તેનાં કરતાં અદશ્ય વધુ ભાગ ભજવે છે.

પર્યાવરણ બચાવવાની જવાબદારી માત્ર સરકારની જ નહીં, પણ પ્રત્યેક માનવની છે. માનવ અને પર્યાવરણ વચ્ચેના બદલાતા સંબંધોને ખ્યાલમાં રાખીને, પર્યાવરણના વિવિધ પાસાંની સમજણ પ્રાપ્ત કરવા માટે 'આર્ષ' અક્ષરધામ, ગાંધીનગર અને શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના સંયુક્ત ઉપક્રમે આર્ષ ત્રૈમાસિક પ્રવચનમાળા પ્રવચન-૯૧ સામાજિક સમાસ્યા અંતર્ગત તા.૧૩-૦૬-૨૦૨૦, શનિવાર સાંજે ૦૫-૦૦ થી ૦૭-૦૦ કલાક દરમ્યાન Cisco Webex Webinar on Registration Link www. https:// shorturl.at/pW067 Facebook Live https://shroturl.at/gvwy8 'પર્યાવરણની રક્ષા, આપણી સુરક્ષા' વિષય પર પ્રવચનનું આયોજન કરેલ છે. જેમાં 'ગુજરાત કલીનર પ્રોડક્શન સેન્ટર, ગાંધીનગર'ના સભ્ય સચિવ અને એન્વાયરમેન્ટમાં પી.એચ.ડી. કરેલા પ્રખર વ્યાખ્યાનકાર ડૉ. ભરત પી. જૈન પોતાની લાક્ષણિક શૈલીમાં આ વિષય પર પ્રવચન આપશે.

# તમ તમારે કોરોના રિપોર્ટ કરાવી લો પણ સાહેબ! અમને કામ કરવા દો!

ગાંધીનગર,તા. ૮

'તમ તમારે કોરોના રિપોર્ટ કરાવી લો, પણ સાહેબ અમને કામ કરવા દો, અમારે ૧૪ દિવસ ઘરે બેસીને ક્વોરેન્ટાઇન નથી થવું' આવાં આક્રોશભર્યા શબ્દો હતા બે કામદાર ભાઈઓના.

શૈલેષ રાવળ જે પુન્દ્રા ગામથી આવે અને નારાયણસિંહ વાઘેલા જે પેથાપુર ગામથી નોકરી કરવા ગાંધીનગર આવે. ગાંધીનગરની કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લિમિટેડ કંપનીમાં લોક ડાઉન સમયમાં પણ ઈપાસ કઢાવી કામ પર આવે. લોક ડાઉનને કારણે કંપનીએ કામદાર ભાઈઓને કંપનીમાં જમવાની અને એમના ગામથી આવવા-જવા માટે બે-ત્રણ બસની વ્યવસ્થા કરી હતી. મે મહિનાના પ્રથમ અઠવાડિયે એક બસના પ્રવાસી કામદારનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો. અને બસમાં આવતા દરેક કામદારોએ ૧૪ દિવસ ક્વોરેન્ટાઇન થવાનો નિર્ણય કર્યો.

આ બે કામદારને એના અધિકારીએ પૂછ્યું તો તેઓ એ દિવસે એ બસમાં નહોતા અને કામ કરવા રાજી હતા. પણ અન્ય કર્મચારીઓએ કોરોનાનો ચેપ લાગવાના ભયને કારણે સ્વાભાવિક જ 'આ બે તો ન જ જોઈએ' એવો સજ્જડ વિરોધ નોંધાવ્યો. આ બન્નેને આ વાતની જાણ થઈ. તેઓ કંપનીના ગેટ પર આવીને બેઠા હતા. તેઓ અકળાયા, 'અમારો રિપોર્ટ કરાવો પણ આમ અલગ ન કરો' તેઓને કામે ચઢવાની જીદ હતી.

એમના અધિકારીએ એક વચલો માર્ગ કાઢી એમને કંપનીના અન્ય યુનિટમાં કામ કરવા માટે મોકલી આપ્યા. ત્યાં પણ થોડો આ બે વિશે ગણગણાટ તો થયો પણ પછી બંને કામ પર ચઢી ગયા. આખી કંપનીના કામદારો આવવા રાજી નહોતા અને કોરોના ભયને નીચે હતા ત્યારે એમણે માત્ર એમના અધિકારીના પ્રેમના કારણે કામ ને વ્હાલું કર્યું. કામના અન્ય ઠેકાણે પણ એટલું જ ખંતથી કામ કર્યું. એમના કામની નોંધ પણ ત્યાંના સુપરવાઈઝરે લીધી. કામ પર આવવા જવાની તકલીફ અને કોરોનાનાં ભયના કારણે જ્યાં કામદારો ન આવવાના કારણો શોધતાં હતાં, ત્યારે આ બંને



ગામના લોકો વિરોધ ન કરે એટલે અંધારામાં પોતાના વાહન પર ઘરેથી નીકળી જતા.

શૈલેષ રાવળ અને નારણસિંહ વાઘેલા સાચા અર્થમાં કોરોના વોરિયર્સ છે. તેમણે કંપનીના સંકટ સમયમાં નિયમિત કામ પર આવીને ઉત્તમ કર્તવ્યનિષ્ઠાનો દાખલો બેસાડ્યો છે. અને હા! ૧૫ દિવસ પછી પણ એમને કોરોનાનાં કોઈ ચિહ્નો ન દેખાતા એમણે પોતાની જાત પર જ ગર્વ અનુભવ્યો છે. જ્યાં સુધી ભારતમાં આવા કામદારો છે ત્યાં સુધી કલ્પતરૂ તો શું અન્ય કંપનીને પણ આંચ આવે તેમ નથી. છેક છેવાડાના ગામના નાના કામદારનો ફોટો અને પ્રેરણાદાયી કિસ્સો અનેકને પ્રોત્સાહિત કરી શકશે.

(લેખક સંજય થોરાત ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ છે.)

# ઉચ્ચ શિક્ષણ મેળવનાર વિદ્યાર્થીઓને આર્થિક સહાય કરવા શોધ યોજના અંતર્ગત ૭૫૩ વિદ્યાર્થીઓને રૂ. ૩.૩૮ કરોડની સહાય અપાશે : ભૂપેન્દ્રસિંહ

**રાજ્યની માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટી ખાતે ગુણવત્તાયુક્ત સંશોધન કરતા પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓ માટે આજે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષે યોજનાર વેબિનારમાં આ સહાય ચૂકવાશે**

ગાંધીનગર, તા. ૮

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ જણાવ્યું છે કે, રાજ્યના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ થકી પોતાની કારકીર્દિ સારી રીતે ઘડી શકે તેમાટે રાજ્ય સરકારે અનેકવિધ નવતર આયામો હાથ ધર્યા છે. જેના ભાગરૂપે ગુજરાતના વિદ્યાર્થીમાં રહેલી સંશોધનની ક્ષમતાને વિકસાવવા અને પ્રોત્સાહિત કરવા માટે રાજ્યની માન્ય યુનિવર્સિટીઓમાં પી.એચ.ડી. કોર્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ પૈકી ગુણવત્તાયુક્ત સંશોધન કરનાર વિદ્યાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડવા SHODH (ScHeme Of Developing High quality research) યોજના શરૂ કરવામાં આવી છે.

ચૂડાસમાએ ઉમેર્યું કે, રાજ્યની માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટી ખાતે ગુણવત્તાયુક્ત સંશોધન કરતા પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓ માટે આવતીકાલ તા. ૯મી જૂનના રોજ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષે યોજાનાર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઉચ્ચ શિક્ષણ મેળવનાર વિદ્યાર્થીઓને આર્થિક સહાય કરવા શોધ યોજના અંતર્ગત ૭૫૩ વિદ્યાર્થીઓને રૂ. ૩.૩૮ કરોડની સહાય ચૂકવવામાં આવશે. આવતીકાલે સવારે ૧૧.૦૦ કલાકે યોજાનાર આ વેબિનારમાં



રાજ્યકક્ષાના ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ મંત્રીશ્રી, શિક્ષણ વિભાગના અગ્રસચિવશ્રી, ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી અને વિવિધ યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓ પણ ઉપસ્થિત રહેનાર છે. આ વેબિનારનો લાભ પી.એચ.ડી ગાઈડ, વિભાગીય વડા, આચાર્યશ્રીઓ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ FB link: http:// www.fb.com/kcguj/live અને www.facebook.com/ ihubgujarat/live મારફતે પણ ફેસબુક લાઈવ ફીચરથી લઈ શકશે.


તેમણે ઉમેર્યું કે, વેબિનાર પૂર્ણ થયા બાદ શોધ યોજના અંતર્ગત સ્કુટીની કમિટી દ્વારા મંજુર કરવામાં આવેલ ૩૪ યુનિવર્સિટીઓના ૭૫૩ વિદ્યાર્થીઓને પ્રથમ ૦૩ માસના (જાન્યુઆરી-માર્ચ ૨૦૨૦) સ્ટાઈપેન્ડ પેટે પ્રતિ વિદ્યાર્થી માસિક રૂ. ૧૫,૦૦૦=૦૦ લેખે ૦૩ માસના રૂ ૪૫૦૦૦=૦૦ લેખે ૭૫૩ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૩,૩૮,૮૫,૦૦૦=૦૦(અંકે રૂ. ત્રણ કરોડ આડત્રીસ લાખ પંચ્યાસી હજાર પૂરા) વિદ્યાર્થીઓના બેંક ખાતામાં સીધા જમા કરાવવામાં આવશે.

ચૂડાસમાએ ઉમેર્યું કે, આજના સાંપ્રત સમયમાં રીસર્ચ, ઈનોવેશન, વૈજ્ઞાનિક અને ટેકનોલોજીકલ ઉપકરણોની વૃદ્ધિ થયેલ હોવાથી વિદ્યાર્થીઓ પણ અદ્યતન માહિતી સાથે સજ્જ રહે, સંશોધન માટે પ્રેરાય તે જરૂરી છે. સંશોધન અને નવીનીકરણને જો શિક્ષણ સાથે સાંકળવામાં આવે તો સૌથી વધુ ફાયદો યુનિવર્સિટી અને કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ મેળવી શકશે. દેશમાં અને રાજ્યમાં આવેલ યુનિવર્સિટીઓ હંમેશા સંશોધન ક્ષેત્રે કેન્દ્ર સ્થાને રહેલ છે. રાજ્ય સરકાર પણ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તાયુકત સંશોધન માટે પ્રોત્સાહન પૂરૂ પાડવા માટે આ નવતર અભિગમ હાથ ધરાયો છે.

# નારદીપુર મહિલા ગ્રામ વિદ્યાપીઠની વિદ્યાર્થીનીઓ માટે 'ઓનલાઇન' તાલીમ યોજાઈ

ગાંધીનગર,તા. ૮

મહિલા ગ્રામવિદ્યાપીઠ નારદીપુર બી.આર.એસ ખાતે અભ્યાસ કરતી વિદ્યાર્થિનીને લોક ડાઉનના સમયે દરમિયાન એસીઈ સંસ્થા દ્વારા ઓનલાઈન તાલીમ આપવામાં આવી હતી. ૨૫ મેથી ૩૧ મે સુધી ની આ તાલીમ દરમિયાન વિદ્યાર્થીનીઓને આત્મનિર્ભરતાના ઉદ્દેશને લઈને સંસ્થાના ટીમના સહયોગથી તાલીમ અપાઈ હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓને કમ્યુનિકેશન પર્સનાલિટી ડેવલોપમેન્ટ વ્યવહાર તથા બાયોડેટા બનાવવાની તાલીમ આપવામાં આવી હતી. દરેક વિદ્યાર્થીઓ એ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.આ તાલીમ મહિલા ગ્રામવિદ્યાપીઠ



નારદીપુર બી.આર.એસના વિદ્યાર્થીઓએ જશુમતી બેન પરમારના સંકલન હેઠળ વિવિધ તજજ્ઞો દ્વારા યોજાઈ હતી. સમગ્ર તાલીમ કાર્યક્રમનું આયોજન અમિતભાઈ દવે અને દિવ્યાબેન તેમજ યુવા ટ્રેઈનર મેશ્વા બેનના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં કોલેજના આચાર્ય ગીતાબેન દવે અને સમગ્ર સ્ટાફ મિત્રોનો પૂરતો સહકાર રહ્યો હતો.

# મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ - સાદરામાં વિશ્વ પર્યાવરણ દિનની અનોખી ઉજવણી કરાઈ

ચિલોડા, તા. ૮


ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરામાં બા-બાપુ ૧૫૦ અને ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી મહોત્સવ નિમિત્તે ૫મી જૂનના રોજ વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરાઈ. સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજય કક્ષાનો વેબીનારનું આયોજન કરાયું હતું. જેમાં રાજયની જુદી જુદી સંસ્થાના ૨૫૦ અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કુલનાયક ડૉ. અનામિક શાહે વૈશ્વિક મહામારીમાં યુવાનોનું કર્તવ્ય અંગે રસપ્રદ વાર્તાલાપ કર્યો. વિસ્તરણ નિયામક ડૉ. રાજેન્દ્ર ખીમાણીએ પર્યાવરણના જતન માટે કરવાના કાર્યો વિશે વાર્તાલાપ કર્યો. સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈએ પર્યાવરણની જૈવિક વિવિધતાનું મહત્ત્વ, પૃથ્વીએ સજીવોનું રહેઠાણ છે. તેમજ લુપ્ત થતી વનસ્પતિ, પક્ષીઓ, વન્ય પ્રાણીઓ વિશે રસપ્રદ માહિતી આપી.



પ્રાધ્યાપક ડૉ. કનૈયાલાલ નાયકે પર્યાવરણના મહત્વ વિશે મહામારી અને વિશ્વપર્યાવરણ વિશે ચર્ચા કરી આભાર દર્શન પ્રાધ્યાપક ડૉ. રાજેન્દ્રભાઈ જોષીએ કર્યું. સમગ્ર કાર્યક્રમનું ઉત્સાહભેર સંચાલન યુવાન પ્રાધ્યાપક ડૉ. દિવ્યેશ ભટ્ટે કર્યું. વૈશ્વિક મહામારી અને પર્યાવરણ વિષયક વેબીનારનું પ્રસારણ ઝૂમ એપ્લીકેશન દ્વારા કરાયું જેમાં ભાગ લેનાર શ્રોતાઓને તુરત ઈ-પ્રમાણપત્રો આપવામાં આવ્યા..

ઓનલાઈન પ્રસારણ અને સમગ્ર વ્યવસ્થાપન કોમ્પ્યુટર ટેકનિશિયન વિશાળ માંગરોલિયા દ્વારા કરાયું હતું.

# જન્મદિને વધામણી



દ્વિતી વિપુલ ચૌહાણ



શ્રદ્ધા હરીશકુમાર પ્રજાપતિ
મો. ૯૯૦૪૧ ૫૩૬૮૯



રમ્ય અલ્પેશ પટેલ
મો. ૯૮૭૯૨ ૩૫૩૦૬



અનીતા જયેશ પટેલ
ભાજપ, ગાંધીનગર મહિલા મોર્ચા મહામંત્રી



ધ્રુવીલ મહેશ ભટ્ટ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક


# આઇઆઇટી ગાંધીનગરે જાપાની હાઈ-સ્પીડ બુલેટ ટ્રેન 'શિંકાનસેન'ની જીઓસિંથેટિક્સ ટેકનોલોજીસ પર વેબિનાર યોજાયો

**NHSRCL અને આઈઆઈટી ગાંધીનગર ભારતમાં બુલેટ ટ્રેનના પ્રોજેક્ટ્સમાં જિઓસિંથેટિક્સ રિઈનફોર્સ્ડ-સોઈલ સ્ટ્રક્ચર સંબંધિત તકનીકી વિકાસ પર એકસાથે કામ કરવાના છે**

ગાંધીનગર, તા. ૮

ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (આઈઆઈટી ગાંધીનગર)માં ઈનિશિએટિવ ફોર જીઓટેકનિકલ રિસર્ચ એન્ડ ઈનોવેટિવ પ્રેક્ટિસ (આઈગ્રિપ) દ્વારા જાપાની હાઈ-સ્પીડ બુલેટ ટ્રેન "શિંકાનસેન" માટે જિઓસિંથેટિક્સ રિઈનફોર્સ્ડ-સોઈલ સ્ટ્રક્ચરના વિકાસ પર આજે એક વેબિનારનું આયોજન કરાયું હતું. જિઓસ્ટ્રક્ચર્સના વૈશ્વિક નિષ્ણાતો સાથે આઈગ્રિપ વેબિનાર શ્રેણીનો આ પાંચમો વેબિનાર હતો. આજનું લેક્ચર ટોક્યો યુનિવર્સિટીના સિવિલ એન્જિનિયરિંગના એસોસિયેટ પ્રોફેસર ડૉ કેનજી વાતાનાબેએ આપ્યું હતું. ડૉ વાતાનાબે રેલવે અર્થ સ્ટ્રક્ચર્સ અને જિઓસિંથેટિક રિઈનફોર્સ્ડ-સોઈલ સ્ટ્રક્ચર (જીઆરએસ)ની ડિઝાઈન અને નિર્માણમાં નિષ્ણાત છે અને જાપાનની રેલ્વે તકનીકી સંશોધન સંસ્થા (RTRI) તથા ધી ફ્રેન્ચ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી ફોર ટ્રાન્સપોર્ટ, ડેવલપમેન્ટ એન્ડ નેટવર્ક્સ (IFSTTAR) સાથે કામ કરી ચૂક્યા છે.

વેબિનારની શરૂઆતમાં, ડૉ વાતાનાબેએ જીઆરએસ



સ્ટ્રક્ચર્સના ઉપયોગના ઈતિહાસને સંક્ષિપ્તમાં રજૂ કર્યો અને પછી તે સ્ટ્રક્ચરના ત્રણ મુખ્ય તત્વો (જમીન, રિજિડ ફેસિંગ અને જિઓસિંથેટિક્સ) વિશે વિસ્તૃત વર્ણન કર્યું. આ ટેકનોલોજી અને તેના ફાયદાઓ વિશે સમજાવતા ડૉ કેનજી વાતાનાબેએ જણાવ્યું કે, "જાપાને મુખ્યત્વે રેલવે માટે ૧,૧૦૦ થી વધુ સ્થળોએ ૧૮૦ કિ.મી.થી વધુના અંતર માટે સંપૂર્ણ ઊંચાઈવાળી રિજિડ ફેસિંગ સાથેની જિઓસિંથેટિક-રિઈન્સફોર્સ્ડ સોઈલ રિટેનિંગ વોલ (જીઆરએસ આરડબ્લ્યુ) બનાવી છે. આ ટેકનોલોજી ભારે વરસાદ અને ભયાનક ધરતીકંપો સામે વધારે સ્થિરતા આપનારી અને ઓછી ખર્ચાળ છે. જાપાનમાં છેલ્લા ૩૦ વર્ષથી તે અસરકારક છે." કેટલાંક પ્રયોગો અને ફિલ્ડ નિરીક્ષણના આધારે જાપાને "રેલવે સ્ટ્રક્ચર્સ માટે ડિઝાઈન ધોરણો અને કોમેંટ્રી (સોઈલ રીટેનિંગ સ્ટ્રક્ચર)" પ્રકાશિત કર્યા છે, જે પર્ફોર્મન્સ આધારિત ડિઝાઈનના ખ્યાલને અનુસરે છે. અંતે, તેમણે રેલવે માળખા માટે જીઓસિંથેટિક્સનો ઉપયોગ કરતી તાજેતરની સંશોધન પ્રવૃત્તિઓ પણ રજૂ કરી.

આ વેબિનાર હાઈ સ્પીડ ટ્રેન પ્રોજેક્ટ્સ માટે જીઆરએસ સ્ટ્રક્ચર્સના ઉપયોગમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકો માટે એક ઉત્તમ શિક્ષણ મંચ સાબિત થયો. દેશ અને વિદેશના ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને વ્યાવસાયિકોએ આજના વેબિનારમાં હાજરી આપી હતી.





કોરોના મહામારીના લોકડાઉન બાદ ૮૦ દિવસ બાદ શ્રી સોમનાથ મહાદેવનું મંદિર ભક્તો માટે ખુલી રહ્યું છે, પ્રારંભે શ્રી સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર શ્રી દ્વારા વિશ્વ કોરોના મુક્ત થાય તેમજ કોરોના ગ્રસ્ત દર્દીઓ વહેલી તકે સ્વસ્થ થાય, તે માટે મહાપૂજા કરવામાં આવી હતી.ભક્તો સોશ્યલ ડીસ્ટન્સના નિયમોનું પાલન કરી સોમનાથ મહાદેવ ના દર્શન કરી ધન્ય બની રહ્યા છે, વરૂણદેવે મંદિર ખુલતા પોતાના મંદિર પર વરસાદ રૂપે અભિષેક કરેલો હતો, જેથી મંદિર પરિસર ખુબ રમણીય ભાસી રહેલ હતું. તેમજ ભક્તો પણ શિવકૃપા પ્રાપ્ત કરી ધન્ય બન્યા હતા.

કોરોનાની મહામારીમાં તેમના કાર્યને લઈને

# ગુજરાતના યુવાન ધ્રુવ પંચાલનું વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અને હાર્વર્ડ યુનિવર્સિટી દ્વારા પ્રમાણપત્ર આપી સન્માન

ગાંધીનગર,તા. ૮

અત્યારે સમગ્ર વિશ્વ જ્યારે કોરોના જેવી મહામારી ના ચપેટમાં છે જ્યાં ભારત અને વિશ્વમાં સતત કેસો વધી રહ્યા છે ત્યારે આવા સંજોગોમાં ત્યારે કેટલાક નવ યુવાનો દ્વારા આ મહામારી સામે કેવી લડી શકાય સમાજ અને રાષ્ટ્રને કેવી રીતે મદદરૂપ થઈ શકાય તેવા પ્રયત્નો થઈ રહ્યા છે આ મહામારી સામે લડવું એ કોઈ એકલા દેશનું કામ નથી બધા દેશોએ સંયુક્ત રીતે ભેગા મળીને આ કામ કરવું રહ્યું જેના સમન્વય માટે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (world health roganisation) આ કામ કરી રહી છે જેમાં વિશ્વના એકસો ચારણો ૧૯૪ જેટલા દેશો તેના સભ્યો છે જેના અંતર્ગત હેલ્થ ઈમરજન્સી પ્રોગ્રામમાં ગુજરાતના સામાજિક આગેવાન ધ્રુવ પંચાલને આંતરરાષ્ટ્રીય પદ્ધતિથી કોરોના ના ડેટા કેવી રીતે મેળવી શકાય તેની ચેઈન ટ્રાન્સમીશન કે કેવિ રિતે રોકી શકાય અને અટકાવવા માટેના આગળ કેવી રીતે પગલાં લેવા તે માટેનું આંતરરાષ્ટ્રીય સ્તરનું પ્રમાણપત્ર આપીને સન્માન કરેલ છે અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં જ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડોક્ટર હર્ષવર્ધનની ડેબ્યૂ એચ ઓ (WHO) એક્ઝિક્યુટિવ બોર્ડ ચેરમેન તરીકે નિમણુંક થયેલ છે.

કોરોનાએ શારીરિક કરતાં માનસિક બીમારી વધારે છે તે માટે આપણે સતત પોઝિટિવ અને માનસિક રીતે મજબૂત રહેવું ખૂબ જ જરૂરી છે તેનાથી ડરવાની જરૂર નથી સમગ્ર વિશ્વ જ્યારે લોકોમાં હોય ત્યારે આર્થિક સંકટ આવવા તો સામાન્ય બન્યા છે જેથી લોકોની માનસિક પરિસ્થિતિ પર ખૂબ જ નકારાત્મક અસર આવી છે આવા સમયમાં સતત કે રીતે પોઝિટિવ રહેવું અને આસપાસના લોકોને કેવી રીતે પોઝીટીવી રાખવા અને મેન્ટલી મજબૂત રહેવું તે માટે ધ્રુવ પંચાલ દ્વારા થયેલા કાર્ય માટે વિશ્વ પ્રસિદ્ધ અમેરિકાની હાર્વર્ડ મેડિકલ યુનિવર્સિટી દ્વારા પણ પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા છે કોરોના કપરા સમયમાં યુવાન દ્વારા થયેલું કાર્ય એ ઊડીને આંખે વળગે તેવું છે ગુજરાતના યુવાન ધ્રુવ પંચાલને આંતરરાષ્ટ્રીય સ્તરે મળેલા સન્માન એ ગર્વની વિષય છે .

